પોલીસ ઈન્સ્પેક્ટરની કચેરી.
ઓઢવ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર.
ફોન નં-૦૭૯-૨૨૯૦૨૪૨૫.ઈ-મેઈલ-POLSTN-ODHAV-AHD@GUJARAT.GC
પોલીસ કંટ્રોલરૂમ નં-૦૭૯-૨૫૬૨૭૫૧૦.

# પ્રેસનોટ.

## બે પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ શ્રી એમ.એસ.ભરાડા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી અક્ષયરાજ મકવાણા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “આઈ” ડીવીજન શ્રી.એન.એલ.દેસાઈ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ “જાહેર સલામતી અને વ્યવસ્થા” વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા નાઓએ “દિલીપસિંહ ઉર્ફે દિપુસિંગ મહાવીરસિંગ ચૌહાણ તથા વિજયભાઇ ઉર્ફે બાલાજી માંગીલાલ પંડીત” નાઓ “જાહેરવ્યવસ્થા” વિરૂદ્ધના કૃત્યો કરતો હોય સદરી ઇસમો વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી. અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા અટકાયતી નં-૧. **દિલીપસિંહ ઉર્ફે દિપુસિંગ મહાવીરસિંગ ચૌહાણ ઉ.વ.૩૯, રહે: મ.નં-૨૪, ધાબાવાળી ચાલી, એવરેસ્ટ સિનેમા ચાર રસ્તા, સરસપુર, અમદાવાદ શહેર** નાઓ વિરૂધ્ધ પાસા હુકમ નં-**PCB/DTN/PASA/1096(A)/19** તા.**19/09/2019** અન્વયે તથા નં-૨. **વિજયભાઇ ઉર્ફે બાલાજી માંગીલાલ પંડીત ઉ.વ.૩૪ રહે: મ.નં-૨૪, ધાબાવાળી ચાલી, એવરેસ્ટ સિનેમા ચાર રસ્તા, સરસપુર, અમદાવાદ શહેર** નાઓ વિરૂધ્ધ પાસા હુકમ નં- **PCB/DTN/PASA/1097(A)/19** તા.**19/09/2019** અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીઓને પો.સ્ટે સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઈ શ્રી એસ.જે.ચૌહાણ તથા અ.હેડ.કોન્સ ચંદુભાઇ મગનભાઇ બ.નં-૭૫૮૫ તથા અ.પો.કો રાજેશભાઇ રમેશભાઇ બ.નં.૬૭૭૯ તથા અ.પો.કો ચન્દ્રસિંહ લાખુભા બ.નં-૫૮૮૯ તથા અ.લોકરક્ષક હરદેવભાઇ અજાભાઇ એ રીતેના પોલીસ સ્ટાફના માણસો સાથે ઓઢવ વિરાટનગર ચાર રસ્તા પાસેથી અ.હેડ.કોન્સ ચંદુભાઇ નાઓની બાતમી હકિકત આધારે સદરી ઈસમોને તા.૧૯/૦૯/૨૦૧૯ રોજ પકડી લઇ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી ભુજ તેમજ સુરત મધ્યસ્થ જેલ ખાતે પાસા અટકાયતીઓને જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે. તા.૧૯/૦૯/૨૦૧૯.

પ્રેસનોટ.
ખુનની કોશિષના ગુનામાં સંડોવાયેલ ૪ આરોપીઓને ગણતરીના કલાકોમાં પકડી પાડતી ઓઢવ પોલીસ

# પ્રેસનોટ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી એમ.એસ.ભરાડા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ શ્રી અક્ષય રાજ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઈ સા. નાઓ તરફથી ગઈ તારીખ-૧૮/૯/૨૦૧૯ ના રોજ અત્રેના ઓઢવ પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુ.ર.નં.-૧૩૭/૧૯ ઈપીકો કલમ- ૩૦૭,૩૨૪,૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯ તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫(૧) મુજબનો ગુનો દાખલ થયેલ હોય જે ગુનાના ફરીયાદી મીનાબેન પટણી તથા તેના પતિ સુરેશભાઇ પટણી અને ફરીયાદીની દીકરી પાયલ પટણી નાઓ સાંજના પોતાની મચ્છીની લારી લઈ ઓઢવ વલ્લભનગર પાસે આવેલ સુર્યોગ્રામ ફેકટરીની પાસે ફૂટપાથ ઉપર હાજર હતા ત્યારે આ કામના આરોપીઓએ એકસંપ થઈ ત્યાં આવી ફરીયાદીની દીકરી જ્યોતિ બાબતે બોલાચાલી ઝગડો કરી પોતાની પાસેના ચપ્પા તેમજ લોખંડના રીક્ષાના હેન્ડલ વડે હુમલો કરી ફરીયાદીને આંખની ભ્રમર ઉપર અને પગે તથા સુરેશભાઇને પેટના ભાગે તથા પાયલને હાથની આંગળી ઉપર ચપ્પા વડે ત્રણેયને ગંભીર ઈજાઓ પહોચાડી ગુનો કરી નાસી ગયેલ જે આરોપીઓને તાત્કાલિક ધોરણે શોધી કાઢી ગુનામાં વપરાયેલ હથિયારો કબ્જે કરી આરોપીઓને ગુનામાં અટક કરવા અંગે સુચનાઓ મળેલ હતી.

મળેલ સુચનાઓ આધારે અમોએ અમારા તાબાના સર્વેલન્સ સ્કોડના માણસોની જુદી જુદી ટીમો બનાવી આ ગુનામાં સંડોવાયેલ આરોપીઓને શોધી કાઢવા સર્વેલન્સ પો.સ.ઈ.શ્રી એસ.જે.ચૌહાણ નાઓને સુચના કરી અમારા સીધા સુપરવિઝન હેઠળ આરોપીઓની તેઓના રહેણાક, ધંધા તેમજ ઉઠક-બેઠક વાળી તથા સગા-સબંધીઓ, મિત્રો ના રહેણાંક વાળા સ્થળોએ શોધખોળ ચાલું કરેલી. દરમ્યાન સર્વેલન્સ પો.સ.ઈ.શ્રી એસ.જે.ચૌહાણ તથા તેમની ટીમના માણસોને આજરોજ તા.-૧૯/૦૯/૨૦૧૯ ના રોજ મળેલ માહિતી આધારે આ ગુનામાં સંડોવાયેલ આરોપીઓ (૧) મનોજભાઇ સ/ઓ લાખાભાઇ ચુનારા ઉ.વ.-૪૫ (૨) હેમેન્દ્ર ઉર્ફે પપ્પું સ/ઓ મનોજભાઇ ચુનારા ઉ.વ.-૧૮ (૩) અશોકભાઇ સ/ઓ લાલાજી ઘાંચી (મોદી) ઉ.વ.-૨૫ રહે- (૪) ભાવેશ ઉર્ફે ભાવો રમેશભાઇ ઉર્ફે ગનાભાઇ અંબાલાલ ઠાકોર ઉ.વ.- ૨૦ તમામ રહે- મણીલાલ લુહારની ચાલી, આલોક ઝેરોક્ષ ની બાજુવાળી ગલીમાં, છોટાલાલની ચાલી, ઓઢવ, અમદાવાદ શહેર નાઓને પકડી પાડી આ ગુનો કરવામાં ઉપયોગમાં લીધેલ હથિયારો કબ્જે લઈ ક.- ૨૧/૦૦ વાગ્યે આ ગુનામાં અટક કરી તે રીતે ખુનની કોશિષના ગંભીર પ્રકારના ગુનામાં સંડોવાયેલ આરોપીઓને ફરીયાદ દાખલ થયાના ગણતરીના કલાકો માં જ પકડી લઈ ગુનામાં વપરાયેલ હથિયારો કબ્જે લઈ આ ગુનામાં અટક કરી કાયદેસર કાર્યવાહી કરી સારી કામગીરી કરવામાં આવેલ છે. તારીખ-૧૯/૦૯/૨૦૧૯

(આર.જી.જાડેજા)
પોલીસ ઈન્સપેકટર
ઓઢવ પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર

CS Scanned with CamScanner